આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૮ | ૧૯ માર્ચ, ૨૦૧૩, મંગળવાર; ફાગણ સુદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

લોકો ને સ્વતંત્રતા અને અધિકારો ગમે છે પણ એની સાથે આવતી જવાબદારી અને ફરજો કોઇને નથી ગમતાં
- ઓશો

વાયબ્રન્ટ ગાંધીનગરના વિકાસ પાછળ ૨૬૮ કરોડ ખર્ચાશે

ગાંધીનગર-કોબા એક્સપ્રેસ વે, ગિફ્ટ સીટીને જોડતો બ્રીજ તેમજ પંચામૃત ભવનના કામો ઉપરાંત

દીનદયાળ મોજણી સંસ્થાને અપગ્રેડ કરવામાં આવશે : આનંદીબેન પટેલની ગૃહમાં જાહેરાત

ગાંધીનગર, તા. ૧૮

વિકાસ કામોથી વાયબ્રન્ટ બનેલા ગાંધીનગરની આગવી ઓળખને વધુ સુદૃઢ બનાવવા માટે આગામી નાણાંકીય વર્ષમાં ૨૬૮ કરોડના નવા કામો શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગરખાતે આવેલ પંડિત દિનદયાલ મોજણી અને મહેસુલી સંસ્થાના અપગ્રેડેશન માટે રૂ. ૬.૫૦ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી હોવાનું રાજયના માર્ગ - મકાન અને મહેસુલમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે વિધાનસભાગૃહમાં જણાવ્યું હતું.

માર્ગ-મકાન અને મહેસુલ વિભાગ પરની માંગણીઓ પરની ચર્ચાનો પ્રત્યુત્તર આપતાં શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે પાટનગરમાં હાલ અંદાજે ૪૯૬.૩૧ કરોડના વિકાસ કામો પ્રગતિ હેઠળ છે જયારે રૂ. ૨૬૮ કરોડના નવા વિકાસકામો આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર-કોબા વચ્ચે એક્સપ્રેસ-વે બનાવવામાં આવશે અને તે માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂ. ૭૫ કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે. ગાંધીનગર-અમદાવાદ વચ્ચે વધતા જતા ટ્રાફિક ભારણને લઈ સરકારે ચાલુ વર્ષ દરમ્યાન ગાંધીનગર-હાંસોલ રસ્તા પર હાંસોલ બ્રીજને છ માર્ગીય કરવાનું કામ રૂ. ૫૧.૭૫ કરોડના ખર્ચે આરંભ્યું છે અને હાલ તે પ્રગતિ હેઠળ છે.

તેમણે જણાવ્યું હતું કે ગિફ્ટ સીટીને જોડતા સાબરમતી નદી પર એક નવો બ્રીજ બાંધવા માટે પણ અંદાજપત્રમાં રૂ. ૯૦.૮૨ કરોડની તેમજ સ્વર્ણીમ પાર્કના પૂર્વ છેડે પંચામૃત ભવનના કામ માટે રૂ. ૧૦૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે કહ્યું હતું કે મહાત્મા મંદિરના બીજા તબક્કાની કામગીરીમાં સોલ્ટ માઉન્ટ ગાંધી ગાર્ડન તેમજ પાર્કીંગ માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે અને આ કામ પણ હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

શ્રીમતિ આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે વર્ષ-૨૦૧૧-૧૨માં પાટનગર યોજનાની જોગવાઈ રૂ. ૯૩ કરોડ હતી તે વર્ષ-૨૦૧૩-૧૪માં માતબર વધારો કરી રૂ. ૨૧૮.૭૦ કરોડની કરવામાં આવી છે.

૨૦૧૨-૧૩માં પાટનગર યોજનાના વિકાસ માટે સુધારેલા અંદાજમાં વધુ ૧૫૦.૯૬ કરોડ રૂ. આમ વર્ષ ૨૦૧૨-૧૩ની જોગવાઈ કુલ ૩૭૯.૬૬ કરોડ થઈ છે.

તેમણે ઝુંપડાવાસીઓના પુનઃસ્થાપન માટે આધુનિક સુવિધાઓ

● અનુસંધાન પાન-૭ પર

પાટનગરમાં પોલીસનું અપહરણ

પોલીસ કોન્સ્ટેબલને કારમાં કેદ કરી બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૧૮

શહેરના હાર્દસમા સે. ૧૭/૨૨ના વિસ્તારમાં એક બુટલેગરને ઝડપવા હરકતમાં આવેલ પોલીસ કોન્સ્ટેબલને સ્વીફ્ટ કારમાં કેદ કરીને વોન્ટેડ આરોપી ફરાર થઈ ગયો હોવાનો ચોંકાવનારો કીસ્સો પ્રકાશમાં આવ્યો છે. સમી સાંજે ભરચક વિસ્તારમાં બનેલી આ ઘટનાથી જિલ્લા પોલીસતંત્ર પણ દોડતું થઈ ગયું હતું. સ્વીફ્ટ કારમાં કોન્સ્ટેબલને લઈને રફુચક્કર થઈ ગયેલા વોન્ટેડ આરોપીને સકંજામાં લેવા પોલીસતંત્રએ ચારેબાજુ નાકાબંધી કરી શોધખોળ હાથ ધરી હતી. જો કે પોલીસ કોન્સ્ટેબલનું અપહરણ કરી પૂરપાટ દોડતી સ્વીફ્ટ વાવોલ નજીક ઉભી રાખી દેવામાં આવી હતી.

> સે. ૧૭/૨૨ પાસે સ્વીફ્ટ કારમાં બેઠેલા વોન્ટેડ આરોપીને સકંજામાં લેવા પોલીસે કારના દરવાજે દસ્તક દીધી અને...! : વાવોલ નજીક બુટલેગર કારમાંથી ઉતરી નાસી ગયો : આખરે પોલીસના તાબે થયેલા તત્વોએ શરણાગતિ સ્વીકારી !

જ્યાંથી આરોપી કારમાંથી ઉતરી ફરાર થઈ ગયો હતો. આ દરમિયાન પોલીસની વોચ અને નાકાબંધીના પગલે પકડાઈ જવાની આશંકાના લીધે ફરાર આરોપીના મિત્રોએ આખરે પોલીસના તાબે થઈ કાર સે. ૨૧ પોલીસ સ્ટેશન લઈ લીધી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર સેક્ટર-૧૭/૨૨ વિસ્તારમાં પોલીસની પી.સી.આર.વાન આજે સાંજે પેટ્રોલિંગમાં હતી. આ વેળાએ જૈન દેરાસર સામે પાર્ક થયેલ વ્હાઈટ સ્વીફ્ટ કાર નં. જીજે-૧૮-૩૨૮૪માં પોલીસની નજર ગઈ હતી. કારમાં વોન્ટેડ બુટલેગર સવાર હોવાની ગંધ પોલીસને આવી હતી. જેને અનુલક્ષી પી.સી.આર. વાનમાંથી પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

જીવન સમતુલા - સમતુલા જાળવવાનો સંદેશ આપતી આ ગરીબ બાલિકા પોતાના પેટ ખાતર પ્રયોગ કરતી પરંતુ જીવનનું તત્વજ્ઞાન સમજાવે છે... જન્મના એક છેડાથી મૃત્યુના બીજા સુધીનું દોરડું એટલે જીંદગી.... જેમાં ક્ષણે-ક્ષણે અને કણે-કણે સમતુલા જાળવવી પડે છે.... કોઈ એક તરફ ઢળી ના જવાય તો બીજી તરફ ને અવગણી પણ ન શકાય... આમ છતાં પડ્યા વિના દોરડા પર એક છેડેથી બીજા છેડે જવાનું નિશ્ચિત છે... છેને જીંદગીની પ્રતિકૃતિ.... સંબંધોની સમતુલા, સ્વભાવની સમતુલા, દૃષ્ટિની સમતુલા, સમજણની સમતુલા, કમાણીની સમતુલા ડગલેને પગલે સમતુલા જાળવતા જાળવતા જીવવાનું છે અને જીવતા જીવતા સમતુલા જાળવવાની છે.... (તસવીર : દિપક જાની)

'ગુજરાત સરકાર'માં નોકરી મેળવો!

શું આપ 'એક જ કોર્ષ'નો અભ્યાસ કરી વિવિધ પ્રકારની સરકારી નોકરી મેળવવા ઈચ્છો છો ?...

TCCI EDUCATION PVT. LTD.

ફરજીયાત-2013

એક જ કોર્ષ ફરજીયાત સ્વીકાર્ય

16000+ થી વધુની ભરતી 2013

29 પરીક્ષાઓ માટે ઉપયોગી

ઉપયોગી: Dy.S.P. D.C. T.D.O. D.R. S.O. Dy.S.O. ક્લાર્ક PSI આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ R.F.O. R.T.O. વનપાલ TET / TAT HTAT NET / SLET

અભ્યાસના વિષયો : સામાન્ય જ્ઞાન, ગણિત, બુદ્ધિ ચાતુર્ય કસોટી, અંગ્રેજી વ્યાકરણ, ગુજરાતી વ્યાકરણ - સાહિત્ય, ઓફિસ્ટ્રાયલ ટેક્નીક, પર્સનાલિટી ડેવલપમેન્ટ

સંપૂર્ણ સાહિત્ય મફત

અભ્યાસ દિવસ : સોમ થી શુક્ર

કોર્સનો અભ્યાસક્રમ : 5 માસ (મર્યાદિત)

અભ્યાસનો સમય : બપોરે 4 થી 6, સાંજના 6 થી 10

5 માસનો અભ્યાસક્રમ

19 વર્ષ થી સ્નાતક ધોરણમાંની તૈયારી કરાવતી સંસ્થા...

29+

ફી ₹ 24,000 (F) ₹ 28,000 (M) | 01.04.2013 થી નવી ફી લાગુ પડશે

TCCI EDUCATION PVT. LTD.

19 વર્ષથી સરકારી અભ્યાસની સાચી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

HELPLINE NUMBER : 9328714508

જિલ્લામાં સ્વાઈન ફ્લુના વધુ ત્રણ કેસ

સે. ૨૨માંથી સ્વાઈન ફ્લુના બે પોઝીટીવ કેસ : નોંધાયેલા નવા દર્દીઓ અમદાવાદમાં સારવાર હેઠળ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાંથી વધુ બે કેસ અને કલોલમાંથી સ્વાઈન ફ્લુ પોઝીટીવનો એક કેસ મળી કુલ ૩ કેસ નોંધાતાં જિલ્લાના આરોગ્યતંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરના સેક્ટર-૨૨માંથી સ્વાઈન ફ્લુના એક જ ઘરમાંથી બે દર્દીઓ મળી આવ્યા છે. સેક્ટર-૨૨માંથી સ્વાઈન ફ્લુના આ સાથે કુલ-૩ કેસ નોંધાયા છે જેને પગલે હવે આ સેક્ટરમાં સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે મળી આવેલા આ બન્ને દર્દીઓ હાલ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને ત્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુના વધતા જતા કેસોને પગલે હવે તંત્ર અત્યંત ગંભીરતાપૂર્વક આગળ વધવા જઈ રહ્યું છે. શહેરમાં હેલ્થ સર્વેની કામગીરી પણ હાલ ચાલી રહી છે અને હવે સેક્ટરોમાં લોકજાગૃતિ અંગેનું અભિયાન હાથ ધરવામાં આવશે.

કલોલ શહેરમાંથી પણ એક બાળકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં તેને અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જ્યાં આ બાળકની સ્થિતિ પણ સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પરિસ્થિતિ પર નિયંત્રણ લાવવા માટે સઘન પ્રયાસો લોકજાગૃતિ સહિતના હાથ ધરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

નાના ચિલોડામાં રહસ્યમય ધડાકો થતાં દોડધામ મચી

પ્લાસ્ટીકની થેલીમાં મૂકેલો દેશી બોમ્બનો વિસ્ફોટ : એક મજૂર ઇજાગ્રસ્ત

અમદાવાદ,તા. ૧૮

અમદાવાદનાં નાના ચિલોડા પાસે આવેલા એસ. પી. રીંગ રોડ પાસે નિર્જન જગ્યામાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ, કાઈમ બ્રાન્ચ, એટીએસ, ડોગ સ્કવોડ, બોમ્બ સ્કવોડ વગેરે ઘટના સ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, પ્લાસ્ટીક બેગમાં રહેલા દેશી બોંબને એક મજૂરનો પગ અડી જતાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો. પોલીસે હાલ ઘટના સ્થળે દોડી જઈ અને આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

ઘટનાની વિગતવાર માહિતી એવી છે કે અમદાવાદના નાના ચિલોડા પાસે આવેલા એસ.પી. રીંગ રોડ નજીક એક અવાવરૂ જગ્યા આવેલી છે. આ જગ્યાએ રામાભાઈ નામનો એક મજૂર બપોરે ત્રણ વાગ્યે કુદરતી હાજતે ગયો હતો. આ મજૂર પરત ફરી રહ્યો હતો ત્યારે ત્યાં પડેલી પ્લાસ્ટીકની બેગને પગ અડતાં જ બોમ્બ ફૂટ્યો હતો. બોંબ ફૂટતાં જ રામાભાઈ ત્યાં જ પડી ગયા હતા. બોંબ ફૂટવાનો અવાજ થતાં જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. અને ઈજાગ્રસ્ત રામાભાઈને હોસ્પિટલ મોકલી આપ્યા હતા. અને ઈજાગ્રસ્ત રામાભાઈને હોસ્પિટલ મોકલી આપ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ ડોગસ્કવોડ, બોંબ સ્કવોડ, એટીએસ, કાઈમ બ્રાન્ચ વગેરે અધિકારીઓ સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં જાણવા મળ્યુંહતું કે, આ એક દેશી બનાવટની પ્રકારનો બોંબ

● અનુસંધાન પાન-૭ પર

IITeasy
We really make it easy

ANNOUNCES
CRASH COURSE FOR JEE MAIN'2013 (AIEEE)

Dear Students,
IIT easy is an institute founded by graduates of IIT Delhi and DAIICT,Gandhinagar and is successfully running its pilot courses for JEE 2014 in Gandhinagar. We are going to start a CRASH course for JEE MAIN 2013 for 12th standard students from 23rd march. We hereby take this opportunity to present to you the salient features of this course :

- A strategically designed 15 day course focussing on scoring areas.
- Concise Study Material for all chapters will be provided.
- Concept maps covering all the concepts of a topic in a single page will be provided for all chapters of all three subjects to help you memorise the full syllabus easily and quickly.
- Fixed set of Faculty from IIT and DAIICT
  Sankarsan Bandyopadhyay (AIR-102 in IITJEE , State rank-1 in West Bengal AIEEE,B.Tech from IIT Delhi)
  Vikas Nunia(B.Tech from DAIICT, Gandhinagar)
  Akhilesh Kumar (M.Tech from IIT Delhi)
- Classes to be held at St. Xavier's School,Gandhinagar
- Meant for both Gujarati medium and English medium students
- The first class can be attended as a demo lecture on 23rd march.

માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ
સેક્ટર-૨૧, ગાંધીનગર
પ્રવેશ ચાલુ છે
માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે ધોરણ-૮ ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક બાળકોના વાલીઓએ તા. ૮-૪-૨૦૧૩, સોમવારે સવારે ૮-૩૦ કલાકે અરજી ફોર્મ ભરવાના રહેશે.